Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir




www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિમલ

પ્રવચનકાર :

આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. સા.

ભાષાંકન :

યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયનાં સાધ્વી

શ્રી પવિત્રલતાશ્રીજી

સાધ્વીજી હર્ષપ્રભાશ્રીજી મા. પ્રવિણપ્રભાશ્રીજી મા. ના ઉપદેશથી

વીર સંવત : ૨૫૪૧ શ્રાવણ શુદિ પૂર્ણિમા

નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨-૫૦

: પ્રકાશક :

શ્રી અરૂણોદય ફાઉન્ડેશન

લાયન્ના

નવરંગપુરા, અમદાવાદ-૯.

ટે. નં. 408843

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્યસહાયક : શ્રી પાર્શ્વ ભક્તિ મંડળ

પ્રાપ્તિસ્થાન : શ્રી પાર્શ્વભક્તિ મંડળ
C/o. હિમ્મતભાઈ શાહ (વકીલ)
૩૬, પ્રોફેસર કોલોની, ડ્રાઇવ ઈન રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૯

T. No ૪૪૩૧૨૬ Oifi.
૪૪૩૬૭૨ Resi.

પાર્શ્વભક્તિ મંડળ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ જૈન દેરાસર દેવકીનન્દન સોસાયટીનાં પ્રતિષ્ઠાનાં દિવસે વિવિધ પ્રકારે પ્રભુભક્તિ કરવાનાં ઉદ્દેશ્યથી સ્થાપવામાં આવ્યું હતું. પ્રતિદિવસ સ્નાત્રપૂજા, તેમજ નિમન્ત્રણ આપવામાં આવવાથી પૂજાઓ ભણાવે છે. ખૂબ જ સુન્દર રીતે ભાવપૂર્વક પૂજાઓ આદિ ભણાવે છે, જે કોઈએ સંપર્ક સાધવો હોય તેઓએ નીચેનાં સરનામે સંપર્ક કરવો.

: મુદ્રક :
સાગર પ્રિન્ટર્સ
બાદશાહની પોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 પરિમલ 卐

પ્રવક્તા પૂ. પદ્મસાગરસૂરીશ્વરજી મ. સા.

धर्म એટલે ?

ધર્મની વ્યાખ્યા શ્રી જિનેશ્વર ભગવંતોએ ગુણ-સ્થાનકના ક્રમે જુદી જુદી બતાવી છે. ધર્મ શબ્દ ધૃ ધાતુમાંથી બનેલો છે. મિથ્યાત્વ ગુણ સ્થાનકે રહેલાં આત્માને માટે ધર્મની વ્યાખ્યા કરતાં ફરમાવે છે....કે...

દુર્ગતિમાં પડતા જીવને જે ધારણ કરી રાખે તે ધર્મ.
દેશવિરતિ ગુણસ્થાનક ઉપયોગે ધર્મ
પ્રમત્તાપ્રમત્ત ગુણ સ્થાનકે....આજ્ઞા એ ધર્મ.
સયોગી ગુણ સ્થાનકે...વસ્તુનો સ્વભાવ એજ ધર્મ.

આમ આવી રીતે. જેમ જેમ જીવ વિભાવ-દશાને છોડીને સ્વભાવ દશામાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના માટે ધર્મ ઉચ્ચ-ઉચ્ચતર કોટીનો બનતો જાય છે. જ્ઞાની પુરૂષો ફરમાવે છે કે જે આત્મા એ ચરમા વર્ત કાળમાં પ્રવેશ કર્યો હોય, મોહનીય કર્મની ૬૯ કોડાકોડીની સ્થિતિ ક્ષય કરી હોય એવા પુણ્યશાળી આત્માને જ આ ધર્મ શબ્દ શ્રવણ કરવા મળે છે.



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ ગુણ અને ગુણી બન્ને સાથેજ હોય, ગુણ વિના ગુણી રહી શકે નહીં તેમ આત્મા પણ ધર્મ વિના ન જ રહી શકે. જેમ અગ્નિનો ધર્મ છે. ઉષ્ણુતા, એ ઉષ્ણુતા વિના અગ્નિ રહી શકે નહિં, પાણીનો ધર્મ છે શીતળતા, અને શીતળતા વિના પાણી ન રહી શકે તેમ ધર્મ વિના આત્મા પણ રહી શકે નહીં શ્રી ભગવાન મહાવીરે પણ જણાવ્યું છે કે વસ્તુનો સ્વભાવ એજ ધર્મ....તેમ આત્માનો સ્વભાવ છે પરોપકાર વૃત્તિ, સદાચાર વૃત્તિ, સદાચાર વૃત્તિ વિ. તેનો ધર્મ છે. પૂર્વના મહાપુરૂષો ધર્મને માટે પોતાના પ્રાણોનો ત્યાગ કરતાં અચકાતા નહીં... અજયપાળ રાજાની સભામાં એક પરમાત્માની આજ્ઞારૂપ કેશરના તિલકને કાયમ રાખવાને માટેજ શ્રી વાગ્ભટ મંત્રીએ ઉકળતી કડકડતી તેલની કઢાઈમાં પોતાનું જીવન કુર્બાન કરી દીધું...સાથે સાથે એ ધર્મને ટકાવવા માટે નવોઢા એકવીશ યુગલોએ પણ તેમાં આહૂતિ આપી દીધી....આવા તો અનેક આત્માઓએ પોતાના જીવનમાં ધર્મ વણી નાખ્યો હતો... અને આવાજ પ્રકારનો ધર્મ આત્માને આનંદઘનમય મોક્ષ સુખને અપાવે છે.

**॥૨॥ મોક્ષનો અર્થ શું ?**

તૈજસ અને કાર્મણ શરીર રૂપી દીવાને બુઝવી નાખવો એનું નામ મોક્ષ...!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ દીપકનું કાર્ય છે બળવાનું એની અંદર જેમ જેમ તેલ પુરાતું જાય તેમ તેમ જલ્યા જ કરે છે અને જ્યારે...એમાં તેલ ખુટી જાય છે ત્યારે તે બુઝાઈ જાય છે....પ્રકાશ અદૃશ્ય થઈ જાય છે. તેમ તેમ આ જીવ કર્મ રૂપી તેલ વડે પુષ્ટ બનતો જાય છે તેમ તેમ એ સંસારની અંદર પરિભ્રમણ કરતો રહે છે. અને...જ્યારે....એ કર્મરૂપી તેલ ખૂટી જાય છે, તૈજસ કાર્મણ શરીરરૂપી દીપક બુઝાઈ જાય છે ત્યારે આત્મા નિર્વાણ પ્રાપ્ત કરે છે. તેનું પુનરાગમન થતું નથી. એ પ્રકાશ પછી દીપકના કોઇપણ પ્રકારના બંધનમાં આવતો નથી. એનું કારણ, કાર્ય, અને કર્મ એ નષ્ટ થઈ જાય છે આવીજ આત્માની પરિપૂર્ણ સ્થિતિ છે. કે જ્યાં કોઈ બંધન નહીં, નહીં કર્મ, નહીં ઈચ્છા, ન તૃષ્ણા, ન કોઈ લોભ-લાલચ, સંસારમાં ફરી આગમન નહીં, કોઈ કારણ નહીં, આવા પ્રકારની સ્થિતિ એજ મોક્ષ...

જગતહિતવત્સલ શ્રી પરમાત્માએ મોક્ષને પ્રાપ્ત કરવા માટે તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ આદિ પંદર ભેદો જણાવ્યા છે. જીવ જ્યારે મોક્ષ જાય ત્યારે આ ૧૫ ભેદે સિદ્ધ થઇ શકે છે. જ્યારે આત્મા સ્વભાવ દશામાં લીન બને, શૈલેષી કરણ કરે, ત્યારે મોક્ષને પ્રાપ્ત કરે છે. શ્રી મરૂદેવા માતા પોતાના પુત્રની કૈવલ્યજ્ઞાનરૂપી રાજ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋદ્ધિને જોવા માટે હાથીના હોદ્દા ઉપર બેસીને જાય છે ત્યાં દેવદુદુંભિના નાદે એકાએક હર્ષના આંસુ દ્વારા નેત્રના પડલ ખુલી જવાથી....પરમાત્માની ઋદ્ધિ જોતાંજ–દુનિયાનો એકાંત સ્વાર્થ જોઈ અનિત્ય ભાવના ભાવતાં ભાવતાં જ કૈવલ્યજ્ઞાન–દર્શન પ્રાપ્ત કરી મોક્ષના સુખને પ્રાપ્ત કરી લીધું...જે સુખ છે સાદિઅનંત, અવ્યાબાધ, જ્યાં દુઃખનો લેશ નહીં... સદાય આત્મ રમણતા સર્વત્ર બસ આનંદ, આનંદ અને આનંદજ !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કુરાન શરીફમાં અક્ષરો કેટલા ?

આવા પ્રકારના પ્રશ્નો પુછનાર માત્ર શરીરના પરિચય ને જ ઈચ્છે છે. પરંતુ શરીરનો પરિચય હંમેશાં જેના સાથે નિયત થયેલો છે એવા આત્મતત્વને ભુલી જાય છે. ર કુરાન શરીફ, બાઈબલ, ભાગવત ગીતા, રામાયણ, મહાભારત કે ચાહે કોઈપણ ધર્મગ્રન્થ હોય તેમાં શબ્દોની ગણતરીથી એ ધર્મગ્રન્થોની કિંમત કરવામાં આવી નથી. પરંતુ એ શબ્દોનું રહસ્ય શું છે? એ શબ્દો આત્માને કેટલા અંશે અસર કરનાર બનશે એજ આ ધર્મગ્રન્થોનું મહુન્વ છે.

માત્ર શબ્દની જાળમાં જ રાચનારાઓ આત્મતત્વને હૃદયે સ્પર્શ કરી શકતા નથી. એ શબ્દની જાળમાં ફસાઈને તો કૈં આત્માઓ દુર્મતિ જમાલી ની જેમ દુર્ગતિમા ધકેલાઈ જાય છે. માત્ર कीयमाणे कडे। એ શબ્દને પકડી એ જમાલી પ્રભુ શ્રી મહાવીરના શાસનમાં પાસત્થા–કુશીલ સાધુ બની દુર્ગતિમાં પટકાઈ ગયા....છે. એ શબ્દ માત્ર હોઠ ઉપર જ રહી છે. હૃદય સુધી પહોંચતા નથી. શબ્દ તો આત્માનું શરીર છે. અને તેમાં જે ભાવ છે તે જ તેનો આત્મા છે.



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મુલ્લા એક વખત રસ્તે જઈ રહ્યા હતા. ત્યાં કુવામાં પડીગયા. ત્યાંથી કોઈ બૌદ્ધ સાધુ નીકળ્યા. મુલ્લાજી બુમો પાડતા હતા કે મને બચાવો-મને બચાવો હું મરી રહ્યો છું બૌદ્ધ સાધુ પરોપકારી હતા. પણ એમના હૈયામાંથી શાસ્ત્રોનું રહસ્ય ચાલ્યું ગયું માત્ર શબ્દો પકડી રાખ્યા. સાધુએ કહ્યું....અરે ! બૌદ્ધ ધર્મનો આદર્શ છે કે કર્મ ક્ષય કર્યા વિના ક્યારેય મોક્ષ મળતો નથી. તને આ કર્મ ક્ષય કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. અને જો હું તને આમાંથી બચાવું તો નવો સંસાર વધશે, નવી સમસ્યા વધશે અને જીવનમાં સંઘર્ષ વધશે....આમ **स्वयं कर्म करोति आत्मा स्वयं तत्फलमश्नुते** । તારા કર્મક્ષયમાં હું અંતરાય કરતો નથી. માટે સમભાવ પૂર્વક જે મળ્યું છે તેનો સ્વીકાર કર !

મુલ્લા :- હું મરીજઈશ. !

બૌધ સાધુ :- તારા મૃત્યુથી શું થશે ? પણ મારે એવું પાપ નથી કરવું કે હું તને બચાવું ને ફરી તું પાપ કરે... !

એવે અવસરે એક નેતાજી ફરતા-ફરતા આવ્યા. અને એમણે આ મુલ્લાજીની બુમ સાભળી... 'મને બચાવો..." પણ બિચારા નેતાજીને એક ભાષણ જ કરવાની ટેવ. ! અને પછી કોઈ ચર્ચા માટે Pointની જ શોધ કરતા હતા. ત્યાં આ મુલ્લાજી તેમને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથડાઈ ગયા....મુલ્લાજી મને બચાવો. હું મરી રહ્યો છું !

નેતાજી :- તારા એકલાના મરવાથી શું થવાનું છે? હવે જ્યારે ભાષણ કરવાનો અવસર આવશે ત્યારે હું કહીશ કે ભારતના સાતલાખ ગામડા છે, અને તે સર્વે ગામનાં કુવાઓમાં કાંઠા બંધાવવા જોઇએ.

મુલ્લાજી :- જ્યારે કાંઠા બાંધવા હોય ત્યારે બાંધજો. હું હાલ મરી રહ્યો છું મને બચાવો !

નેતાજી :-કાંઠાઓ બંધાવવા અતિ જરૂરી છે તેમાં તું એક મરીને અને શહીદ બની જશે. હું કહીશ કે તું આદમી મરી ગયો અને મને કહેવામાં બલ મળશે.

આમ કહીને નેતાજી પણ છું-મંતર થઈ ગયા....

હવે ત્યાંથી એક ક્રિશ્ચીયન પાદરી ત્યાંથી નીકળ્યા. મુલ્લાજી મને બચાવો....હું મરી રહ્યો છું

પાદરી :- અમારા ક્રાઇસ્ટે બાઈબલમાં કહ્યું છે કે સેવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. સેવાથી મોટો બીજો કોઇ ધર્મ નથી. તમે અંદર પડીને મોટો ઉપકાર કર્યો. મને બચાવવાનો અવસર મળ્યો.

પાદરી : એ ફરી કહ્યું કે તમે ફરી અંદર પડો તો મને વધુ પુણ્ય પ્રાપ્ત થશે. આમ કહી મુલ્લાજીને કુવામાં ધકેલી દીધા. મુલ્લાજી :- તમે આશું કરો છો?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાદરી :- વારે-વારે સેવાનો લાભ મને મળે એવું ઇચ્છું છું. આટલી સસ્તી સર્વિસ થોડી રોજ-રોજ મળવાની છે?

મુલ્લાજી :- પણ વારે-વારે અંદર ધકેલી-ધકેલીને મને મારી નાખશો ! ! !

આવી રીતે જો ધર્મગ્રન્થો ભણી-ભણીને આત્મા માત્ર શબ્દજ્ઞાન જ મેળવશે તો એ ધર્મગ્રન્થોની અસર એને કેવી રીતે પહોંચશે?

સંત તુલસીદાસે પણ કહ્યું છે કે.

ગ્રંથ પંથ સબ જગત કે બાત બતાવત દોય !
સુખ દિયે સુખ હોત હૈ. દુઃખ દીયે દુઃખ હોય ! !
તુલસી દયા ન છોડીએ જબલક ઘટમેં પ્રાણ... !

સઘળાય ધર્મ શાસ્ત્રોનો આ નિચોડ છે. કે શબ્દ માત્ર નહીં પણ શબ્દના રહસ્યને મેળવો.

વચન વિશ્વાસે પુરુષ વિશ્વાસ નહીં પણ
પુરુષ વિશ્વાસે વચન કેળવો....
આજ શબ્દનો પરમાર્થ છે. ગુપ્ત ભેદ છે....
અને રહસ્ય પણ છે.... ! ! !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॐ शांतिः शांतिः शांतिः नो अर्थ शुं?

પ્રત્યેક ધર્મમાં अ કારનું ઉચ્ચારણ આવે છે. અક્ષરમાં પ્રચંડ શક્તિ હોય છે. જ્યારે મનના વિચારોને આપણે અભિવ્યક્ત કરીએ છીએ ત્યારે તે એક પ્રકારના સંગીતને શ્રવણ કરે છે. જ્ઞાની પુરૂષો ફરમાવે છે કે જેમ આત્મા અનંત શક્તિનો માલિક છે. તેમ પુદ્દગલ પણ અનંતી શક્તિ ધરાવે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ પુદ્દગલો પણ આત્મા ઉપર અસર કરી જાય છે.

આજનાં વિજ્ઞાને સાબિત કર્યું કે આપણે અહીં બેઠા બેઠા પણ અમેરિકા, ઈંગ્લાંડ સુધી સુખેથી વાતો કરી શકીએ છીએ. પરંતુ પરમ તારક પરમાત્મા તો ફરમાવે છે કે આપણે માત્ર अ શબ્દ જો બોલીએ તો એ શબ્દના પુદ્દગલ પરમાણુંઓ એક સમય માત્રમાં ૧૪ રાજલોક સ્પર્શીને આપણા કાને અથડાય છે. આવી શક્તિ પુદ્દગલની રહેલી છે.

ॐ કારનો અર્થ...પંચ પરમેષ્ઠિ મય છે.

અરિહંત્ નો अ, અશરીરી સિદ્ધનો अ अ+अ= સંસ્કૃતમાં સજાતીય સ્વરની સંધી થતાં લંબાઈ જાય છે; आ આચાર્યનો आ મળતાં आ+आ= ઉપરના નિયમાનુસાર आ થાય છે.

आ+ ઉપાધ્યાયનો उ. એટલે आ+उ થતાં સંસ્કૃતમાં अ કે आ પછી ऊ, उ આવે તો પછીના સ્વરનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણુ થાય છે. आ+उ મળી ओ થાય છે. અને મુનીનો म् મળતાં ओम् ॐ થાય છે. આ ૐ એ પ્રાણુ બીજ છે. તેથી કોઈપણુ મંત્ર ગણુતાં પહેલાં તે ગણુવાથી જે અનુષ્ઠાનમાં આપણે લીન બનીયે છીએ તેમાં તે ગંદકી (અશુભ વિચાર)ને દુર કરે છે. અને મનને સ્થિર બનાવે છે. પરંતુ જો એમાં શ્રદ્ધા હોય તો જ આવા મંત્રો ફળીભુત થાય છે. જેમ ભયંકર વિષધરનું વિષ શરીરમાં વ્યાપ્ત થયું હોય તો એ ગારુડીના મંત્રો આપણે નહી જાણુતા હોવા છતાં શ્રદ્ધા માત્રથી એ ગારૂડી મંત્ર દ્વારા વિષધરોનું વિષ વિલિન થઈ જાય છે. આમ મંત્રાક્ષરો પણુ આત્માને શાંતિને આપનારા બને છે....!!!

## पुण्य अने पाप एटले शुं ?

**पुष्यते आत्मा येन कर्मणा तद् पुण्यं ।** જે કર્મ વડે કરીને આત્મા પોષાય એટલે કે જ્ઞાનાદિ ગુણોમાં આગળ વધે તે પુણ્ય. અથવા જે કર્મ દ્વારા આત્મા પવિત્ર બને તે પુણ્ય.

શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે પુણ્ય નવ પ્રકરો બંધાય છે. પાત્રને ( યોગ્ય વ્યક્તિને ) ભાત, પાણી વસતિ આદિ આપવાથી સુદેવ, સુગુરૂ, સુધર્મ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને નમસ્કાર કરવાથી જગતના જીવોની અનુકંપા ચિંતવવાથી–પરોપકાર કરવાથી વિ. સુકૃત કાર્યો કરવાથી પુણ્ય બંધાય છે. અને આ નવ પ્રકારે બંધાયેલું કર્મ ૪૨ પ્રકારે ભોગવાય છે.

માસક્ષમણુના તપસ્વી મુનિ મહાત્માને એકમાત્ર ખીર વ્હોરાવવાથી શાલિભદ્ર શ્રેષ્ઠી ઉત્તમ સુખ સામગ્રીને પામ્યા.

અને પાપ એટલે ? જેના દ્વારા આત્મા કષાયોથી કલુષિત બને, સંસારને વધારે, અને લોકોમાં પણ અપયશ. દૌર્ભાગ્ય આદિ પણાને પ્રાપ્ત કરે. આ પાપ પ્રાણાતિપાત અદિ ૧૮ પ્રકારે બંધાય છે. અને ૮૨ પ્રકારે ભોગવાય છે.

પુણ્ય અને પાપની ચતુર્ભંગી થાય છે.

(૧) પુણ્યાનુબંધી પુણ્ય :–આનંદ અને કામદેવ શ્રાવકની જેમ.

(૨) પાપાનુબંધી પુણ્ય:–વર્તમાન મોટા નેતાઓની જેમ.

(૩) પુણ્યાનુબંધી પાપ :–પુણીયા શ્રાવકની જેમ.

(૪) પાપાનુબંધી પાપ :–કાલસારિક કસાઈની જેમ.

વ્યાસ મુનીએ પણ જણાવ્યું છે કે–

પુણ્ય એ પરોપકારને માટે છે અને પાપ એ બીજાને પીડવાને માટે જ છે....

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ પુણ્ય ને શ્રાવકે ઉપાદેય અને પાપને હેય (ત્યાગ કરવા યોગ્ય) માનીને યોગ્ય આચરણ કરે તો મોક્ષ તો હાથવેંતમાં જ છે....

## ચિંતન એટલે શું ?

ચિંતન એ દિવ્ય અગ્નિ છે. આ ચિંતનરૂપા અગ્નિ એવી ભયંકર છેકે જેમાં સઘળાયે કર્મો એકી સાથે બળીને ભસ્મ થઇ જાય. જ્યારે આત્મા શુકલધ્યાનના ચોથા પાયા ઉપર આરૂઢ થાય છે જે સમયે વ્યવચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતિ રૂપ ધ્યાનનું ચિંતન કરેછે તે સમયે અસત્ કલ્પનાએ જગતના પ્રાણી માત્રના કર્મ-ઇંધન જો એમાં નાખવામાં આવેતો એ સઘળાયે જીવોના સઘળાયે કર્મો બળીને ભસ્મ થઈ જાય સર્વ જીવમાત્ર કર્મના બંધનથી મુક્ત થઈ જાય. પરંતુ આ કદી બનતું નથી. કારણ...કર્મનો કર્તા, હર્તા, અને ભોકતા આત્મા પોતે જ છે.

ચિંતન પણ શુભ અને અશુભ બંને પ્રકારે છે. જો આત્મા ચિંતાને ટાળી ને ચિંતનમાં મશગુલ બને તો એ ચિંતન્ એને....પરમાત્માની સન્મુખ પહોંચાડી દેછે. જેવી રીતે માટીના ઘરમાં પુરાયેલી બિચારી ઇયળ, ભમરીના ગણગણાટને વારંવાર સાંભળતાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળતાં એના ધ્યાનમાં મશગુલ બને છે...એનો ચિંતનમાં ગરકાવ બની જાય છે અને છેવટે એ ઈયળ તેઈન્દ્રિય પણાનો ત્યાગ કરી ચઉરિન્દ્રિય ભમરી પણે થઈ જાય છે. જો આ ચિંતનની મસ્તી ભમર-ઇલિકાના ન્યાય પ્રમાણે પરિણમી જાય તો આત્મા વિરાગની મસ્તી ભરપેટ માણી શકે....વિતરાગ ભાવને પામી શકે.

અન્યથા અશુભ ચિંતનમાં મસ્ત બનેલા આત્માઓ સુભુમ ચક્રવર્તીની જેમ સાતમી નરક સુધી પણ પહોંચી જાય છે.

માટેજ ચિંતા ને ચિત્તથી ચોળી
અશુભ વિચારો ને રોળી
ચિંતનને મનમાં ઘોળીયે તોજ
આ ચિંતન....
કર્મની ચિનગારી ને જલાવી
આત્માની દિવાળી પ્રગટાવે છે...!!!

## બ્રહ્મચર્ય શા માટે ?

જિનમંદિર જિનપ્રતિમા કંચનનાં કરે જેહ ।
બ્રહ્મચર્યથી બહુ ફળ લહે નમોનમો શિયલ સુદેહ
॥ ૧ ॥

અનાદિ અનંત સંસારમાં રઝળતો આ જીવ



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધ રૂપી અગ્નિથી બળ્યો, માયા રૂપી શાકિની વડે છળાયો, મત્સર રૂપી લુંટારા વડે લુંટાયો, અને મોહ રૂપી મદિરા વડે ઉન્મત્ત બન્યો....વિષય વાસનાઓમાં ચકચૂર બન્યો. આમ આ જીવ સંસારની મુસાફરી કરીકરીને થાકી ગયો. કયાંય નરક-નિગોદમાં પટકાઈ પડયો....ન એનો આરો આવ્યો. ન એને એ વારો દેખાયો.

હવે આ જીવ જો દેવ ગુરૂ-અને ધર્મનું પુષ્ટ આલંબન લઈને સઘળીયે ઝંઝાળ ને છોડી દઈ, બ્રહ્મચારી બની કોઈપણ અનુષ્ઠાન કરે તો ખરેખર આ જીવ કર્મના બંધનથી મુક્ત બની જાય.

અન્ય ધર્મોમાં પણ યમ-નિયમ-આદિ આવશ્યક માનેલા છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણે જોઇએ તો આપણે જે ખોરાક લઈએ છીએ તે સાતધાતુ રૂપે પરિણામ પામે છે. કોઈપણ એક ધાતુ રૂપે પરિણામ પામતાં તેને સાતદિવસ લાગે છે. ૪૯મા દિવસે આપણો ખોરાક વીર્ય રૂપે પરિણમે છે. આપણે એકમણ અનાજ ખાઇએ તેમાંથી એકશેર લોહી બને છે. અને તેમાંથી ૧તોલા માત્રજ વીર્ય બને છે. તો આવા વીર્યને અબ્રહ્મના સેવનથી જો વેડફી નાખવામાં આવે તો એ જીવમાં માત્ર નબળાઇ, શુષ્કતા, ડરપોકપણું, માંદગી વિ. નો જ પ્રવેશ થવાનો પરંતુ યમ-નિયમ વડે એ વીર્યનું જો ઉર્ધ્વીકરણ કરવામાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે તો એ આત્માનું ઓજ-તેજ ખીલી જાય છે. મનની સઘળીએ ઈચ્છાઓ ફળી ભુત થાય છે. જગતના અશક્ય કાર્યો પણ એના હાથે શક્ય બની જાય છે.

ભારતના કોઈ નાના ગામડામાં સુખી દંપતી રહેતા હતા. એક દિવસ એ શ્રીમાન ઘરમાં પ્રવેશ્યા. અને પોતાની પત્ની સિવાય કોઈ ઘરમાં નહીં દેખાવાથી યુવાની પણાની ઉત્સુકતાથી અને વિષય માંધતાથી પોતાની પત્નીને ચુંબન કર્યું...પરંતુ આ ચેષ્ટા કરવી એ શું આપને ઉચિત છે? પતિએ જોયું કે પોતાનો પુત્ર પારણે ઝૂલી રહ્યો હતો. એ વીરમાતાએ પોતાના પુત્રને પણ પર પુરૂષ માન્યો. અને આ ખરાબ સંસ્કાર પોતાના પુત્રમાં પ્રવેશી ન જાય, બાળક કુસંસ્કારી ન બને એટલા માટે તેણીએ પોતાની જ જીભ કચડીને પ્રાણોનો ત્યાગ કર્યો....આ બાળક દિવસો જતાં મોટો થયો. યુવાવસ્થાને પ્રાપ્ત થયો અને ધંધા રોજગાર માટે પરદેશ ગયો....એક શેઠ-શેઠાણીને ત્યાં નોકરી રહ્યો. એકદિવસ શેઠાણીને પેટમાં ખુબજ દુ:ખાવો થયો....ઘણા ડોકટરો, અને વૈદ્યોનો ઈલાજ કામ ન આવ્યો. છેવટે શેઠ હાથ ખંખેરીને નિરાશ વદને બેઠા હતા. ત્યાં આ નોકર આવ્યો અને ઉદાસીનતાનું કારણ પુછ્યું...શેઠે સઘળી યે હકીકત જણાવી. નોકરે એક ગ્લાસ પાણી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંગાવ્યું અને એક રૂમમાં જઈને પોતાના શરીરના પરસેવાના ટીંપા એ પાણીમાં નાખી શેઠને કહ્યું લો. આ પાણી શેઠાણીને પીવડાવ્યો. શેઠાણીએ જ્યાં પાણી પીધું કે તુર્તજ પેટનું દર્દ ક્યાંય પલાયન થઈ ગયું. શેઠે કારણ પુંછયું...ત્યારે નોકરે પોતાની વાત સઘળીયે જણાવી. ખરેખર જેના માતા-પિતા-બ્રહ્મચારી હોય છે તેના પુત્રો પણ સદાચારી સુશીલ બને છે.

વનનો રાજા કેશરી સિંહ પશુ હોવા છતાં પોતાની સિંહણ સાથે વર્ષમાં એકજ વખત મૈથુન સેવે છે. તેથી તેના બચ્ચાઓનું ખમીર હજારો ઘેટાં-બકરાં ને ભગાડી દે એવું હોય છે. એ સિંહ-ણનું દૂધ એના બચ્ચાં જ પચાવી શકે. અને જો એ દૂધ સોનાના ભાજન સિવાય કોઈપણ ભાજનમાં મુકયું હોય તો ભાજનને ફોડી નાખે છે. આ છે શક્તિ બ્રહ્મચર્યની.

આવા તો કેટલાયે આત્માઓ પેથડશાહ મંત્રી, સુદર્શન શેઠ અને સતી-સતાઓ બ્રહ્મચર્યથી પોતાનું સત્ત્વ દેખાડી જગતના જીવોને શીયળવ્રતનો આદર્શ પૂરો પાડયો છે.

માટેજ સાધનાની પગદંડીએ ચઢતા આત્માને બ્રહ્મચર્ય અતિ આવશ્યક છે. એ ન હોયતો આત્મા પતનની ખાઈમાં ધકેલાઈ જાય છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાન અને ધર્મમાં શું ફરક છે ?

જ્ઞાન એ પ્રકાશ છે. [ **नाणं पयासं** ] અને ધર્મ એની ગતિ છે. જ્ઞાનના પ્રકાશમાં જ ધર્મની ગતિ થાય છે.

એકલું જ્ઞાન લુંલું છે અને એકલો ધર્મ. આંધળો છે. ધર્મ એટલે ? શુભ અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવી.... બંને વચ્ચે સંઘર્ષ થઇ ગયો. જ્ઞાનને તો અજીર્ણ થયું માન આવી ગયું હું કંઈક છું... ત્યારે ધર્મને પણ થયું... કે Iam something. મારા વિના ગતિ કેવી? આવી રીતે બંને સંઘર્ષમાં આવી અલગ-અલગ બેઠા હતા. અચાનક જંગલમાં આગ લાગી. પ્રશ્ન થયો હવે શું કરવું... આગમાંથી બચવું શી રીતે? બંને અલગ–અલગ બેઠેલા હતા. જિંદગીનો સવાલ હતો... ત્યારે ધર્મે કહ્યું મારામાં ગતિ છે. જ્ઞાને કહ્યું મારામાં પ્રકાશ છે.... ધર્મે કહ્યું તું મારા ખભા ઉપર બેસી જા. જ્ઞાન–ધર્મના ખભા ઉપર બેસી ગયું. જ્ઞાને પ્રકાશ કર્યો. ધર્મે ગતિ કરી. આથી બંને હેમખેમ અટવી ઉતરી ગયા.

ઉમાસ્વાતિ વાચકવરે શ્રી તત્વાર્થધિગમ સૂત્રમાં પણ જણાવ્યું છે કે.... **ज्ञानक्रियाभ्याम् मोक्षः।** જ્ઞાન વિનાની ક્રિયા એ સંમૂચ્છિંમ ક્રિયા છે.... દ્દષ્ટાંત એક મુનિ મહાત્મા હતા... ગામોગામ વિચરતા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક નાના ગામડામાં આવી ચઢયા... મુની શ્રીને હિસ્ટેરિયા (વહી) નું દર્દ હતું સાંજે પ્રતિક્રમણનો ટાઈમ થયો. શ્રાવકોને પુછયું. તમારે પ્રતિક્રમણ કરવાનું છે? શ્રાવકોએ કહ્યું અમને કંઈ પણ નથી આવડતું.

મુનિશ્રીએ કહ્યું હું કરૂં તેમ તમે કરજો...

બધા શ્રાવકો પ્રતિક્રમણના જ્ઞાનથી અજાણ હતા. તેથી 'હા' કહી દીધી.... પ્રતિક્રમણ શરૂ થયું. મુનિશ્રી જેમ કરે તેમ તેઓ કરવા લાગ્યા અડધુ પ્રતિક્રમણ થયું અને મુનિશ્રીને તો ફીટ (વહી) આવી... અને મોંઢામાંથી ફીણ નીકળવા લાગ્યું... શ્રાવકો પણ તે પ્રમાણે કરવા લાગ્યા.... બધું જ કરે છે પણ મોંઢામાંથી ફીણ નથી આવતું... થોડીવાર પછી મુનિશ્રીને ભાન આવ્યું.... અને શ્રાવકોને પુછયું... તમે બરાબર ક્રિયા કરીને? ત્યારે શ્રાવકોએ કહ્યું કે અમે બરાબર તમારા જેવું જ કર્યું છે. પણ મહેનત કરવા છતાં પણ અમારા મોંઢામાંથી ફીણ નીકળ્યું નહીં. આ સાંભળી મુનિ પણ ક્ષોભ પામ્યા.

આ રીતે જે આત્માઓ ક્રિયાના જ્ઞાનથી અજાણ હોય છે. સારા-નરસા ખોટા-ખરાનો વિવેક નથી હોતો તેઓ ક્રિયા કરવા છતાં કંઈ પણ પ્રાપ્ત કરી શકતા નથી. માત્ર આવી ક્રિયા કાય કલેશ રૂપ બને છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે, તમે ગમેતેટલી ક્રિયા કરો એની સાથે કોઈ મતલબ નથી પણ તમે ક્રિયા કેવી રીતે કરી, કેવા ભાવપૂર્વક કરી. તેની સાથે મતલબ છે. અહીં કવાન્ટિટી (જથ્થો) નહીં પણ કવાલિટી-(શુદ્ધ માલ)ની જરૂર છે.

આથી જ શાસ્ત્રકાર મહર્ષિઓ એ કોઈપણ ક્રિયા કરવા માટે નીચેની ત્રણ બાબતો ઉપર ભાર મુક્યો છે...

(૧) વિધિનો ખપ

(૨) ગીતાર્થ ગુરુની નિશ્રા.

(૩) લક્ષ્ય જાગૃતિ-

આ ત્રણ જો જીવનમાં આવી જાય તો એ જ્ઞાન અને એ ધર્મ.... છેક- મોક્ષના અભંગ દ્વારો ને પણ ખોલાવી આપે છે...!!!

## મંદિરમાં ત્રણ પ્રદક્ષિણાઓ શા માટે ?

**જ્ઞાન દર્શન ચારિત્ર એ રત્નત્રયી નિરધાર।**
**પ્રદક્ષિણા તે કારણે ભવદુઃખ ભંજનહાર ॥૧॥...**

મંદિરમાં જે પરમપિતા પરમાત્મા બિરાજમાન છે તે સ્વર્ગ-મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિપતિ છે. ગુણોનો અસીમ ભંડાર જેનામાં રહેલો છે.... ત્રણ લોકની ઠકુરાઈ ના જે સ્વામિ છે. એ પૂજ્ય પિતાના ગુણો આપણામાં આવે એ રત્નત્રયીની આરાધના નિર્મળ બને એટલા માટે આ પ્રદક્ષિણા છે.

બીજું કે બે સરખી સાહેલીઓ રસ્તામાં મળી જાય અને પોતાના હાથમાં રહેલા બાળકને થાક ખાવા માટે નીચે મુકી વાતોમાં તલ્લીન થાય ત્યારે એ નહીં સમજતું બાળક શું કરશે ? પોતાની માતાની સાડીનો છેડો પકડી માતાની પાસે જ ગોળ ગોળ ઘૂમ્યા કરશે રખેને મારી માતા મને મૂકીને ચાલી ન જાય... હું અશરણ ન બનું ! તેમ આ પરમાત્મા એ પણ આપણા ઉપર અસીમ કરૂણા અને વાત્સલ્યના ઝરણા વહાવતી માતા છે. એનાં શરણથી આપણે રહિત ન બનીએ... અને આપણા ઉપર સદાય કૃપા વરસાવતી રહે.... એટલા માટે જ....

આ ત્રણ પ્રદક્ષિણાનું વિધાન છે....!!!

## પાટ પ્રગટ કરો પુણ્ય છુપાઓ...!!!

પ્રતિક્રમણ સૂત્રમાં પણ જણાવ્યું છે. કે...

**आलोइय निंदिय गुरू सगासे ।** ગુરુની સમક્ષ સાચા ભાવથી પાપની નિંદા કરો. પાપ તો કદાચ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ જાય. પણ જો એને છુપાવી રાખે તો એ પાપ-૧૦-૨૦-હજાર ગુણો ફળને આપનાર બને છે. જ્યારે ગુરુના ચરણોમાં નિખાલસ ભાવે બાળક જેમ માતાને નિખાલસ ભાવે પોતાની સઘળીયે વાત જણાવે તેવી જ રીતે કરેલા પાપો ગુરુની સમક્ષ પ્રકાસ કરવા જોઇએ.

આપણી અજ્ઞાનતાના કારણે આપણે આજ સુધી પુણ્યને પ્રગટ કરતા રહ્યા અને પાપને છુપાવતા રહ્યા એના પરિણામે આપણે....પુણ્યની બાદબાકી કરી અને પાપનો ગુણાકાર કર્યો....પાપ વધતું રહ્યું પુણ્ય ઘટતું રહ્યું.

જેમ માતા બાળકને સ્તનપાન કરાવે છે ત્યારે કોઈની નજર ન લાગે તે માટે તેની ઉપર સાડીનો ઢાંકી દે છે....તેવી રીતે પુણ્ય પણ ઢાંકીને કરવું જોઇએ જેથી કર્મની નજર એના ઉપર લાગી ન જાય....પુણ્ય ક્રિયા એ સ્તનપાન જેવી છે, આત્માને રક્ષણ આપનારી છે....

દૃષ્ટાંત એક ભિલ્લકુમારે વિષયાંધતાશી પોતાની બ્હેન સાથે કામક્રીડા કરી પછી ખબર પડી કે આ મારી બેન છે...સ્તે થઇને નીકળે છે રાસ્તામાં પ્રભુશ્રી મહાવીર સ્વામી સમવસરણમાં બેસીને દેશના આપતા હતા. ત્યાં જઇને ભિલ્લકુમારે પુછયું કે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભયવં-જા સા-તે મારી બ્હેન હતી ?

ભગવંતેકહ્યું. સા-સા-હા-એજ તારી બ્હેન હતી. આમ પર્ષદાની આગળ પોતાના પાપોની નિંદા પ્રભુ સમક્ષ નિખાલસ ભાવે કરી તો એ ભિલ્લકુમાર પણ સદ્‌ગતિનો ભોકતા બન્યો...

આવી રીતે હંમેશા પાપને ગુરુ સમક્ષ પ્રગટ કરો અને પુણ્યને શાલિભદ્રના પૂર્વ ભવ (ભરવાડ)ની જેમ ગુપ્ત રાખો જેથી આત્મા કર્મના ભારથી હળવો બને છે.

## તલ્લીનતાની તારતમ્યતા

જેની પ્રાપ્તિ માટે મોટા-મોટા ઋષિઓને પણ સફળતા મળી નથી. પાંડિચેરીના આશ્રમમાં અરવિંદજી અંતર્મુખ થઈ ગયા. ચાલીસ વરસ સુધી એકજ જગ્યાએ બેસીને તલ્લીન થઈ પોતાને શોધવા પોતાની જાતને ખોઈ નાખી. તે ભાવોને વ્યક્ત કરવા માટે કયાંય જવાની જરૂર નથી. કાયાંય ભટકવાનની જરૂર નથી.

સાધકનો આત્મા સ્થિર બને છે. તે. સ્થિરતામાં તૃપ્તિ મેળવે છે. રેસના ઘોડાને તો ઘાસ-ચારો મળે છે. પણ કમાણી માલિકને મળે છે. તેજ પ્રમાણે શરીર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઘોડાની જેમ દોડ્યા કરે છે. કમાણી ઇંદ્રિયો લઈ જાય છે.

એટલાજ માટે પ્રથમ **અહમ્**ની બહાર નીકળવું જોઈએ. ચાલીસ (૨) વર્ષ **સુધી** અરવિંદજી ખોજ કર્યા પછી પણ કહે છે કે "**મારી ખોજ અધુરી છે.**"

## મંડન મિશ્રની તલ્લીનતા

મંડન મિશ્રે લગ્ન પછી સ્રીનું મુખ જોયું ન હતું. તે અનેક શાસ્રોમાં પારગત થઈ ગયા હતા, એકજ જગ્ય પર ૩૫ વર્ષ રાત–દિવસ બેસી રહ્યા હતા ખાવાના સમયે જે મળે તે ખાઈ લેતા, ત્યાંજ સૂતા, ત્યાંજ જાગતા. અને સ્વપ્નમાં પણ તેજ વિચારો દોડ્યા કરતા પ્રત્યેક ક્ષણે મનમાં એજ વિચારોને ઘૂંટયા કરતા એક દિવસ સંધ્યા સમયે દીપક-માં તેલ ખુટી ગયું હતું તેથી તેલ પૂરવા માટે તેમની પત્ની ત્યાં આવી. તેમની એકાગ્રતાનો ભંગ થઈ ગયો. જ્યારે તે દીપકમાં તેલ પૂરવા લાગી કે તુર્તજ આંખો ઉંચી કરીને મિશ્રએ પૂછયું કે તું કોણ છે? અહીં કેવી રીતે આવી?

લેખન કાર્યમાં એ સર્વ ભુલી ગયા હતા.

એ સ્રી બોલી :– હું આપના કાર્યમાં સહયોગ દેવા આવી છુ હું આપની પત્ની **ભામિની** છું.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડન મિશ્રને એવું લાગ્યું કે શું આ મારા પત્ની! વૃદ્ધત્વ આવી ગયું આટલા વર્ષના લેખન કાર્યમાં પત્નીને પણ ભુલી ગયા હતા નામ રાખી દીધુ ભામિની–ટીકામાં તેમણે લખ્યું કે "જો મને ભામિનીનો સહયોગ ન મળ્યો હોત તો આ ગ્રંન્થ ન જ લખી શકયો હોત!"

જ્ઞાનની શોધમાં કેવી તલ્લીનતા! આત્માના શોધમાં જો આવી મગ્નતા આવી જાય તો ઘર, દુકાન પરિવાર સર્વ ભુલાઇ જાય. "હું કોણ છું?" એ વાતનો વિચાર આવી જાય તો! આ વાત શબ્દોના માધ્યમથી થઈ શકે તેમ નથી. એ શબ્દોનું વર્ણન કરવા શબ્દનો પણ દુકાળ પડશે.

આત્માનો પરિચય શબ્દોથી નહીં પરંતુ
અનુભવથી થાય છે
નાઽહં એ પરમ આનંદ છે.

હું કંઇક જાણું છું એ અહંની ભુમિકામાં જ્ઞાન વિકૃત બની જાય છે.

દેખાડની ક્રિયા બંધ કરો.
જોવાની ક્રિયા શરૂ કરો.

દેખાડની ક્રિયા પ્રદર્શન થઈ જશે. એમાં સ્વ-દર્શન નહીં થાય!!!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રદર્શનથી પતન !

એકવાર બડેમુલ્લાને બાદશાહ તરફથી નમાજ પઢવાનું આમંત્રણ આવ્યું. મુલ્લાજીએ બીબીને કહ્યું, આજે મારે બાદશાહ સાથે નમાજ પઢવા જવાનું છે અને પછી શાહી ભોજન પણ મળશે. એટલે હું આજે ભૂખ્યો રહીશ. કહેવત છે કે, **परान्न अति दुर्लभम्।**

બીબી :-જેવી મરજી.

મુલ્લાજી સવારના ભૂખ્યા નમાજ પઢવા ગયા. નમાજ પણ લોકોના મનને દેખાડવા મોટે મોટેથી બોલવા લાગ્યા કે જાણે ખુદાની બંદગી એકલા મુલ્લાજી ખરા ભાવથી ન કરતા હોય!

નમાજ પઢયા પછી વિવિધ જાતિના પકવાન્ન મેજ ઉપર હાજર થયા. સર્વે વ્યક્તિઓ જમવા બેસી ગઇ. શાહી મહેમાનો તો એક બે કોળિયા લઇને ઉઠી ગયા. બિચારા મુલ્લાજી વિચારવા લાગ્યા કે આ લોકો ઉઠી ગયા તો મારે પણ ઉઠી જવું પડશે! નહીં તો લોકો મને વિવેકહીન ગણશે. મુલ્લાજી તો બિચારા ભૂખ્યા ઘરે પાછા આવ્યા. બીબીને કહ્યું, તું જલ્દી રસોઈ બનાવ મને ભૂખ લાગી છે!

બીબી :-કેમ શાહી ખાણું ખાઇને પણ પેટ ન ભરાયું ?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુલ્લા :–બરાબર હું શું કહું. બધા ઉઠી ગયા એટલે હું પણ ઉઠી ગયો.

મારા પેટમાં ઉંદરો દોડાદોડ કરે છે અને તને મઝાક સુઝે છે? બીબી સમજદાર હતી તેણે મુલ્લાજીને કહ્યું, સારૂં હવે તમે અંદર જાઓ અને ફરીથી નમાજ પઢીને આવો.

મુલ્લાજીએ આશ્ચર્યથી કહ્યું કેમ?

બીબી :–પહેલું નમાજ શાહી હતું, તે બાદશાહ અને અમીરોને ખુશ કરીને ઈનામ મેળવા માટે હતું દેખાવ માટે હતું. ખુદા માટે નહતું તે ખુદા સુધી ન પહોંચવાને કારણે શાહી ભોજન આપના પેટ સુધી ન પહોંચી શકયું!

માટે જ દેખાવ માટે કરેલો ધર્મ આત્મા સુધી કયારેય પહોંચતો નથી...!!!

## સાધનાથી સફળતા

સ્વ અને સર્વ અર્પણ કરવામાં આવે તો જીવનની સાધના પૂર્ણ થાય છે. જગતના જીવોનો સ્વભાવ છે કે,

**धम्मस्स फलमिच्छंति धम्मं नेच्छन्ति मानवा।**

ધર્મના ફળને સહુ કોઈ માનવ ઇચ્છે છે, ધર્મને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ ઈચ્છતું નથી. પરંતુ પાપના ફળની કોઈ ઈચ્છા કરતું નથી. પરંતુ જીવો પાપને આદરપૂર્વક, પ્રેમપૂર્વક કરે છે.

પુણ્યના ફળની સહુ કોઈ ઈચ્છે કરે છે પરંતુ તે આચરણ વિના શક્ય નથી. સાધનાનું પ્રથમ સાધન શરીર પર આધારિત છે.

**જીવનની સાધના ક્યાંથી શરૂ કરાય કે જે આત્માને ઉપયોગી બને?**

જીવનની સાધના મુખથી શરૂ કરાય છે. નાડહની સ્થિતિ તૂટી જાય તો કોડહં સોડહ અને પછી સોડહની સ્થિતિ પ્રાપ્ત થઈ શકે. **अहम्** ની દિવાલ તૂટે તો જ **कोऽहं** ની પ્રાપ્તિ થાય.

કુવામાં બાલ્દી સીંધી નાખો તો તે ભરાતી નથી બાલ્દી નમે તોજ તે પૂર્ણ ભરાય છે.

જ્યારે સિગ્નલ નમે છે ત્યારે ટ્રેન પણ સ્ટેશનમાં દાખલ થઈ શકે છે. તેવી રીતે જીવનનું સિગ્નલ છે, સદ્‌ગુરૂ, પરમાત્મા આદિ સામે નમન થાય તો ધર્મ તત્વ જીવનમાં પ્રવેશ કરે છે. નહીં તો તે મોહથી મૂર્છિત બનશે, માટે જ જીવનમાં લઘુતા આવશ્યક છે. સંત તુલસીદાસે પણ કહ્યું છે કે,

**"लघुतासे प्रभुता मिले प्रभुतासे प्रभु दूर"।**

જીવનની સાધના મુખથી શરૂ થાય છે. અહીંથી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અહમ્** ની દુર્ગંધ દૂર થાય છે. અને સોઽહંની સુગંધ પ્રગટ થાય છે.

તપેલામાં શું છે તે ચમચો બતાવી આપે છે. એમ અંતરાત્મામાં શું છે? તે મુખરૂપી ચમચો બતાવી આપે છે.

સ્વાદ પૂર્ણ દૂધપાકમાં રહેલા ચમચાને પૂછવામાં આવે કે તને તૃપ્તિ મળી? જવાબ મળશે કે કાંઈ ટેસ્ટ જ નથી.

આપણી પણ આજ પરિસ્થિતિ છે. ધર્મસ્થાન-રૂપી દુધપાકમાં પરમાત્માનું મંદિર સાધના માટે સુંદર સ્થળ છે. જો આપણું જીવન ચમચ જેવું છે. નીકળતાં કોઈ પૂછે કે સાધનામાં સ્વાદ આવ્યો?

તો જવાબ મળશે કે કાંઈ નહીં, સ્વાદહીન Taste less રોજ ધર્મસ્થાને જવા છતાં આત્માની તૃપ્તિનું સમાધાન થયું? ન થયું હોય તો સમજવું કે સાધનામાં ક્યાશ છે!!!

## લક્ષ્ય વિના લાભ નથી...!!!

સાધના તરફ વધવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે. મુંબઈ જવું હોય તો ત્યાં પણ દિશા કાર્ય નિશ્ચિત કરવું પડે છે. જીવન યાત્રા માટે મોક્ષ રૂપી સ્ટેશન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નક્કી કરવું પડે છે. ધર્મરૂપી આગગાડીમાં પુણ્ય રૂપી ટીકીટની એમાં ખાસ જરૂર પડે છે. એક વખત દ્રોણાચાર્ય ગુરૂએ કૌરવો અને પાંડવોની પરીક્ષા લીધી. તેમણે કહ્યું આજ તમારા લક્ષ્યની, સાધનાની પરીક્ષા લેવાશે. સામે વૃક્ષ છે. એના પર લોટનું કબૂતર છે એની ડાબી આંખને નિશાન બનાવી તમારે એ વીંધવાનું છે....!

એક એક કૌરવને બોલાવીને દ્રોણાચાર્ય દરેકને પૂછતા હતા—કે તમે ત્યાં શું જુઓ છો ?

દરેકની પાસે એક જ જવાબ મળતો, કોઈ આકાશને, કોઈ ઝાડને, કોઈ ડાળને, તો કોઈ પક્ષીને દેખીએ છીએ એ પ્રમાણેનો જવાબ સાંભળી દ્રોણાચાર્યે અનુક્રમે કૌરવોને અને ચારેય પાંડવોને બેસાડી દીધા. હવે એક માત્ર અર્જુન જ બાકી હતો. દ્રોણાચાર્યે તેને પ્રેમથી પુછયું જો મેં તને પ્રેમથી શિખવ્યું છે બોલ તને ત્યાં શુ દેખાય છે ?

અર્જુન :– કાંઈ જ દેખાતું નથી માત્ર ડાબી આંખ સિવાય !

દ્રોણાચાર્ય :– તો લગાવી દે નિશાન !

અને તુર્તજ સનનન્ કરતું બાણ છૂટયું અને ડાબી આંખ વીંધીને પાછું આવી ગયું ! અર્જુન એક જ પાસ થઈ ગયો. આ રીતે જ્યારે અર્જુનનું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યેય-લક્ષ્ય સિદ્ધ થયું તો તેને ગુરૂની સંપૂર્ણ કૃપા પણ મળી !

હું પણ તમને રોજ મોક્ષનું લક્ષ્ય બતાવું છું કર્મને કઈ રીતે મારવા તે પણ બતાવું છું ! અને આમાં પરીક્ષા લઉં તો ?

આ રીતે સાધના દ્વારા સાધ્યના લક્ષ્યનો પરિચય કરવો જરૂરી છે જીવનની સાધના મુખથી શરૂ થાય છે. જ્યારે જીવનનો વ્યવહાર સુધરશે ત્યારે તે સાધના પણ પૂર્ણ બનશે !

માટે જ સાધનાની તરફ ઝૂકતા પહેલાં (૧) ગુરૂની નિશ્રા, (૨) વિધિનો ખપ અને (૩) લક્ષ્યની જાગૃતિ એ ત્રણનો જરૂર આગ્રહ રાખવો જરૂરી છે !!

## નિયંત્રણ

જે મન શેતાન છે તેને સંત બનાવવા માટે મનની ચારે તરફ નિયંત્રણ જરૂરી છે.

યુદ્ધમાં શું કરવામાં આવે છે ? વોર પોલીસી શું છે ? બોંબ ફેંક એરોડ્રોમ, સ્ટેશન, પુલ આદિ પર કરાય છે. કારણ ત્યાંથી ફૂડ સપ્લાય, સૈનિક શસ્ત્ર વિ.ની મદદની સંભાવના છે એટલે ત્યાંથી સપ્લાય કટ કરવા પ્રથમ અહીં બોંબ ફેંકાય છે. રેશન અને શસ્ત્ર ન મળે તો સૈનિક લડી શકે ?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ સાથે પણ આ રીતે યુદ્ધ કરવાનું છે. બિલકુલ સપ્લાય કટ. નહીં તો નિષ્ફળતા !!!

પાંચે ઇન્દ્રિયો અને વિષયોની સપ્લાઈ બંધ કરી દેવી જોઇએ. એવું કરવાથી સંસાર સ્વર્ગ બને છે. જે દિવસે તે સપ્લાઈ કટ થઈ જાય. તે જ વખતે પૂર્ણતા પ્રાપ્ત થઈ જાય છે. સપ્લાઈ કટ કરવા માટે સત્યની ઉપાસનાની જરૂર છે. એને માટે अहम् નો નાશ અને નાડહની આવશ્યકતા જરૂરી છે. આમ કરવાથી મનનો શેતાન ચાલ્યો જશે. મન સ્થિર બનશે. અને સ્થિરતામાં આત્માનુભવ થાય છે.

મન જ્ઞાતા અને દ્રષ્ટા સમાન દર્પણ જેવું બની જશે....! દર્પણનો સ્વભાવ છે.... જેવું છે તેવું જોવાનો ! દર્પણ જેવું હૃદય બનાવવું જોઇએ ! મનનો સ્વભાવ છે જોવાનો ! પરિચય કરવાનો !

દર્પણને બધાનો પરિચય હોય છે પરંતુ તે કોઇનો યે સંગ્રહ કરતું નથી. મનને પણ એવું બનાવો. તે સર્વનો પરિચય કરે પણ સંગ્રહ કોઇનો યે ન કરે ! નહીં તો સંગ્રહ કરશે તો સંઘર્ષ જન્મશે.

એટલા માટે જ મનને જ્ઞાતા, દ્રષ્ટા અને અને સ્થિર બનાવો.

મનને સ્થિર બનાવવા માટે ભાષામાં વિવેક અને આહાર ઉપર સંયમ જરૂરી છે....!!!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તી ર્થ યા ત્રા

વ્યક્તિ સુધરે છે તો સમષ્ટિ સુધરે છે, પરિવાર સુધરે છે, સમાજ સુધરે છે, અને રાષ્ટ્ર પણ સુધરે છે. આવો દેશ રામરાજ્ય સમાન બને છે. પરમાણુંનું રિચાર્જ થવાથી સંપૂર્ણ પૃથ્વી તીર્થભૂમિ બને છે. પછી ત્યાં સાધના કરનારાઓમાં શુદ્ધ પરમાણું રિચાર્જ બને છે.

માટે જ તીર્થયાત્રા કરવાનું કહ્યું છે.

તીર્થ ભૂમિમાં અનેક અવતારી પુરૂષોના પરમાણુનો સ્પર્શ થયો છે. તે સ્પર્શથી સુષુપ્ત આત્મા જાગૃત બને છે. તેની ભાવના ઉર્ધ્વગામી બને છે. સુવિચારોની પુષ્ટિ થાય છે. તે પરમાણુંના પ્રભાવથી પૃથ્વી ધન્યાતિ ધન્ય બને છે!!!

## નીરા શક્તિ

ઘણાં વર્ષો પૂર્વે આદ્ય શંકરાચાર્ય ભ્રમણ કરી રહ્યા હતા. એમના એમના મનમાં વિચાર આવ્યો કે સાધના માટે મઠની સ્થાપના ક્યાં કરવી? એ પરમ સાધક હતા. એ સમયના યુગપુરૂષ, વેદજ્ઞાતા, નિષ્પૃહી હતા, આધ્યાત્મિક માર્ગ પર વિચરનારા, સંસારમાં રહેવા છતાં ત્યાગી અને સંસારથી અલિપ્ત હતા.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મને કારણે વૈરાગ્ય મર્દનથી સંસારમાં રહેવા છતાં પણ સંસારની આસક્તિ તે વ્યક્તિને ભીંજવી શકતી નથી એનામાં રહેલી વાસના સુકાઈ જાય છે.**

આવા શંકરાચાર્યજી ભ્રમણ કરતાં (૨) દક્ષિણમાં આવીને આશ્રમની સ્થાપના કરી. ત્યાં તેમણે એક આશ્ચર્ય જોયું. એ આશ્ચર્યનું સમાધાન કરવા તેમણે આસપાસમાં રહેલા ઋષિ મુનીઓને પુછયું.

આવા બળબળતા તાપમાં એક ઘાયલ થયેલો દેડકો ગરમ રેતીમાં પડયો હતો, તરફડતો હતો!

અને તે દેડકા ઉપર એક નાગરાજ ફેણા કરીને છાયા પાથરીને બેઠા હતા. કે જેનાથી દેડકાને તાપ ન લાગે. તેમના મનના આશ્ચર્યને સમજવા માટે ઋષિ મુનિઓને પૂછયું; કે આનું રહસ્ય શું છે? કારણ દેડકાં અને સાપને તો જાતિ વૈર હોય છે. છતાં આમ કેમ? પરમાણુનો **પ્રભાવ**....? ઋષિમુનિએ કહ્યું, અહીંની ભૂમિના પરમાણુઓનો એ પ્રભાવ છે! કે અહીં હિંસક પ્રાણી પણ અહિંસક બની જાય છે...! અહીં વર્ષો સુધી શૃંગેરીઋષિએ આત્મ સાધના કરી. તેઓના આહાર વિહાર, આચાર–વિચાર અતિ પવિત્ર હતા. એટલા માટે એઓના શુદ્ધ પરમાણુથી આ ભૂમિ પવિત્ર બની ગઈ. આ ક્ષેત્રની પરિસીમમાં આવનાર પ્રત્યેક જીવો મૂર્છિત અવસ્થામાં પણ જાગૃત બની જાય છે આચારથી કોમળ અને હૃદયથી દયાળુ બને છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાંભળી શંકરાચાર્યજીએ આ પવિત્ર ભૂમિમાં જ મઠની સ્થાપના કરવા નિશ્ચય કર્યો કર્યો. આ ભૂમિ પવિત્ર તીર્થ છે. એટલા માટે એમણે પ્રથમ મઠની સ્થાપના શૃંગેરીમાં કરી.

**વિચારની કુશાગ્રતા** :–એક વખત શંકરાચાર્યજી નદી કિનારે સ્નાન કરીને આવતા હતા. કારણસર ગુસ્સે ભરાઈ ગયા. એક હરિજન ઝાડુ વાળતો હતો અને અચાનક એ ઝાડુનો સ્પર્શ એમને થઈ ગયો...અને ગુસ્સામાં જ બોલી ગયા...! રે... રે.... ચાંડાલ! આંધળા! જાણતો નથી કે હું કોણ છું? નદીમાં સ્નાન કરી પવિત્ર થઇને આવતો હતો અને તારા સ્પર્શથી હું અપવિત્ર થઈ ગયો...!

હરિજને તે વખતે સમજાવ્યા...

હરિજને હાથ જોડીને કહ્યું મહારાજ! મને માફ કરો. મારે પણ આજે નદીમાં સ્નાન કરવું પડશે !!!

શંકરાચાર્ય વિચારમાં પડી ગયા....જિજ્ઞાસાથી સહજભાવે પૂછયું કેમ? હરિજન બોલ્યો....! સંત-મહાત્મા આજે તો મને મહાચાંડાલનો સ્પર્શ થઈ ગયો.... માટે મારે સ્નાન કરવું પડશે! હરિજનનું હૃદય સંતના જેવું નિર્મળ હતું, જ્ઞાનનો જાણકાર હતો, જીવનનો આદર્શ ઉત્તમ હતો.

**ઉપશમ કી ગંગા** :–સાધનાની ભૂમિકામાં ઉપશમ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. ઉપશમ વિના ચિત્તની સ્થિરતા નહીં અને ચિત્તની સ્થિરતા વિના સત્યની પ્રતિતી થતી નથી.

હરિજન બોલ્યો :–ભગવન્ ! આપ જેવા પવિત્ર પુરૂષની અંદર ક્રોધ એ મહાચાંડાલ જેવો છે. એ મહાચાંડાલના સ્પર્શને કારણે મારે સ્નાન કરવું પડશે. આ સાંભળી શંકરાચાર્યને ઘોર પશ્ચાતાપ થયો. તેમને હરિજનને ખૂબ ધન્યવાદ દીધો અને કહ્યું તેં મને આજે જાગૃત કરી દીધો છે. આજ હું ખરેખર સંત બની ગયો....! મેં અકાર્ય કર્યું છે, સંતો માટે આ મોટી ભૂલ છે.... **बालात् अपि हितम् ग्राह्यम् ।**

**ભૂલનો સ્વીકાર કરનારા એના સંશોધન માટે જાગૃત રહે છે. અને જાગૃત અવસ્થાજ સંશોધન કરે છે....!!!**

## આત્મદશાનો પરિચય

આત્મદશાનો ભાવ આવશે તો પરોપકારવૃત્તિ આપો આપ જન્મશે. અને પછી એ અંધકારમાં સ્વયંનો પ્રકાશ માર્ગ બતાવશે. ધર્મગ્રન્થ અને સ્વાધ્યાય દ્વારા સ્વયંનો પરિચય થાય છે. પરમાત્મા સુધી પહોંચવાની પ્રક્રિયાનો રાજમાર્ગ મળે છે.

પરમાત્માને પ્રાપ્ત કરવા માટે રસ્તા અનેક છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિચયના સાધન અલગ અલગ છે. એટલે એકવાર પરિચય થતાં આત્મા પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

દૃષ્ટાંત એકવાર સિંહનું બચ્ચું જંગલ માર્ગ ભૂલી ગયું અને શિયાળના ટોળામાં ભળી ગયું શિયાળની સોબતથી તેનું સિંહપણું અદૃશ્ય થઇ ગયું એ કાયર બની ગયું પોતાના સંસ્કાર ભૂલી ગયું. અનુક્રમે તે યુવાન બન્યું.

એકવાર એક સિંહ શિકારની ખોજમાં ત્યાં આવ્યો અને જોરથી ગર્જના કરી.

સિંહની એક ખાસિયત છે કે તે ગર્જના કર્યા વિના શિકાર કયારેય પણ કરતો નથી. આત્મામાં પરમાત્માની પુકાર હોય છે. સિંહ કાર્યને નહી પણ કારણને પકડે છે. જ્યારે કૂતરો પત્થરને પકડશે. પત્થર મારનારને નહીં ! સિંહ ગોળીને નહીં પણ ગોળી છોડનારને જ પકડશે...!

સિંહની ગર્જનાથી ડરપોક શિયાળીયાઓ ભાગી ગયા... સિંહના બચ્ચામાં પણ વર્ષોથી કાયરતા જીવતી હતી, વીર્યત્વ ચાલી ગયું હતું તેથી તે પણ ભાગવા લાગ્યું.

સિંહે એને પકડીને પુછયું બોલ! આ કાયરતા ક્યાંથી આવી ?

જ્યાં પરિચય ત્યાં પૂર્ણતા :–સ્વયંનો પરિચય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલાઈ ગયો હું પણ શિયાળછું એવું માનવાથી તે ડરપોક બની ગયું....હતું....એનામાં સ્વયંની પ્રતીતી નહોતી રહી. તે સ્વયંને જ ભૂલી ગયું.

સિંહ એને પકડીને જળાશય પાસે લઇ ગયો. સ્થિર પાણીમાં તેને મોં જોવા માટે કહ્યું....“તું તારૂ મોં પાણીમાં જો” ! તારામાં અને મારામાં આપણા બંનેમાં કાંઇ ફરક નથી. આપણું સ્વરૂપ એકજ છે. પરિચય મળતાંજ તે પૂર્ણ થઈ ગયું સિંહે કહ્યું...હવે ગર્જના કર...સર્વ તારાથી ભાગી જશે...અને સિંહનું બચ્ચુ સિંહની સાથે ચાલી નીકળ્યું.

આપણી પણ આવીજ સ્થિતિ છે....સંસારમાં રહીને શિયાળીયા જેવા કાયર બન્યા છીએ...હવે એકજ જાગૃતિ પૂર્વક વિરાગની બૂમ પાડવાની જરૂર છેકે જેનાથી વિષય–કષાય–મોહ માયા પ્રપંચ આદિ રૂપ શિયાળીયાઓ દૂર ભાગી જાય...વારેવારે આવીને હેરાન ન કરે...!

આપણામાં જ કોઈ મહાવીર છે, રામકૃષ્ણ છે. એકજ ગર્જના માત્રથી ક્રોધ–ક્યાંય વિલિન થઇ જશે ! અને શાસ્ત્ર રૂપી દર્પણમાં આપણામાં અને મહાવીરમાં કોઈ ફરક દેખાશે નહીં.

તમને જાગૃત કરવા માટેજ હું ચિલ્લાઇ રહ્યો છું....!!! તે પરમ સત્ય છે. આ રીતે જે આત્મા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયંને જાણી જશે તે સ્વયંમાં સ્થિરતા અને પૂર્ણતા પ્રાપ્ત કરશે.

એટલા માટેજ આત્માને જોવા માટે ચિંતનની જરૂર છે. જેનાથી આત્મા શુધ્ધ બનશે. ધર્મક્રિયા પ્રગટ થશે.

સંસારના કષાયોને આગ લાગતાં બળીને ભસ્મ થઇ જશે.

આત્માપૂર્ણ બની જશે...!!!

## મૌનનું મહત્વ :–

"વચન રતન મુખ કોટડી, બધંકર દીજીએ તાળ,
ગ્રાહક હોય તો ખોલીએ, વચન મ આળપંપાળ" ॥૧॥

વચન એ રત્નનો ભંડાર છે. કોઇ ઉત્તમ ગ્રાહક આવી જાયતો મુખરૂપી ભંડાર ખોલી નાખો. અને બે–ચાર. રત્નો આપી દો...તેનો અંતરાત્મા તૃપ્ત બની જશે ! પ્રેમ સંપાદન કર્યા પછી જો ગ્રાહક ચાલ્યો જાય તો ફરી એ મુખરૂપી (કોટડી) ભંડાર બંધ કરી દો.... !

મૌનની આરાધના તે સાધના છે. બોલવાથી સાધના લૂંટાઈ જાય છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મૌનથી ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે.**
**બોલવાથી ચિત્તની ચંચળતા વૃદ્ધિ પામે છે.!**

**वचन पातात् वीर्यौपातम्** । " વચન-વાણીના પતનથી શરીરની શક્તિનો નાશ થાય છે. આ વૈજ્ઞાનિક દૃષ્ટિ એ પણ સત્ય છે.

એક પૌડું દૂધ પીવાથી જે શક્તિ મળે છે. તે એક શબ્દ બોલવા માત્રથી નાશ પામે છે.

ડોકટર પાસેથી આરોગ્ય પ્રાપ્ત થાય છે.

સાધુ પાસેથી આત્મા નિરોગી ભાવ પ્રાપ્ત કરે છે ઓછુ બોલવાથી વિચારો ઉત્તમ અને ઉમદા બને છે. સ્વાનુભૂતિ જાગૃત થાય છે.

મૌન એ સાધનાનું સાધન છે.

હિત, મિત, અને પથ્ય બોલવુ જોઇએ અને
હિત, મિત, અને પથ્ય ખાવું જોઇએ....

વિવેક વિના બોલવાથી કટુતા ઉભી થાય છે. માટે બોલતા પહેલાં એમાં મીઠાશની શાકર નાખો.

સંત પુરૂષોના શબ્દ આંતરિક જાગૃતિમાંથી જન્મે છે રામકૃષ્ણ પરમહંસની વાણી પર કૈં કુરબાન થઇ જતા.

વિવેકાનંદ બોલતા તો ગર્જના થતી. એ જેવું બોલતા તેવુંજ આચરણ કરતા હતા. સદાચારીના વચનમાં ગર્જના હોય છે...!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભારતીય તત્વની શ્રેષ્ઠતા :-

એક દિવસ અમેરિકામાં એક પાદરીએ સ્વામિ વિવેકાનંદને આમંત્રણ આપ્યું. તેમના ઘરે તેમણે બોલાવ્યા. પાદરીએ જાણીબુઝીને ભારતીય તત્વ પર વ્યંગ કર્યો.... અને ટેબલ ઉપર પુસ્તકો એવી રીતે ગોઠવ્યા કે સ્વામિ વિવેકાનંદની નજર એના ઉપર પડે... પાદરીએ સૌથી નીચે ગીતા રાખી. અને સૌથી ઉપર બાઇબલ રાખ્યું.... ત્યાંથી પસાર થતાં સ્વાભાવિકતાથી પાદરી બોલ્યા.... અરે જુઓ તો... સ્વામિજી....! આ કેવો સંયોગ...! સૌથી ઉપર બાઇબલ અને સૌથી નીચે ગીતા...!

ભારતીય સંતો સહિષ્ણું હોય છે. તેઓ કોઇના ઉપર વ્યંગ કરતા નથી. અયોગ્ય માર્ગ કયારેય અપનાવતા નથી. સર્વ ધર્મ પ્રત્યે આદરવાળા હોય છે. અને.... સ્વામિજી જરા હસ્યા.... અને પાદરીને ધન્યવાદ આપતાં આદરપૂર્વક બોલ્યા... હું તમને નમ્ર નિવેદન કરૂં છું... બાઇબલ ઉપર છે એનો હું આદર કરૂં છું પરંતુ....

એટલું યાદ રાખજો કે ગીતા જ્યાં છે તે ત્યાં જ રહેવા દેજો... એને ત્યાંથી કદી ઉચકતા નહીં... કેમકે એતો ફાઉન્ડેશન છે. એને ઉચકી લેશો તો બાઇબલ નીચે પડી જશે... તે એનું મુળ છે...

આવી હતી સ્વામિ વિવેકાનંદની બૌદ્ધિક પ્રતિભા... !!!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra
Acharya Shri Kailassagarsuri Gyanmandir

www.kobatirth.org
For Private And Personal Use Only